## ભગવાન દેખાય નહીં પણ હાજર જરૂર હોય છે

- - - - - - - - - - - - - - - - - - - - -

મહાભારતના યુદ્ધમાં શકુનિ હંમેશાં કહેતો હતો કે યુદ્ધના મેદાનથી કૃષ્ણને દૂર રાખવામાં આવે. દુર્યોધન પૂછતો રહેતો હતો કે આવું શા માટે? અંતે કૃષ્ણ શું કરશે, તેઓ તો શસ્ત્ર ન ઉઠાવવાનો સંકલ્પ લઈ ચૂકયા છે, પછી તેમની ભૂમિકા શું રહેશે? શકુનિના વિચારમાં કૃષ્ણની હાજરીની ચિંતા આપણને ઊંડો આધ્યાત્મિક અર્થ આપી જાય છે. અધ્યાત્મએ આને ‘અજ્ઞાતની હાજરી’ જણાવી છે. વિજ્ઞાન આવી સ્થિતિને કેટેલિસ્ટ (ઉદ્દીપક) કહે છે.

વિજ્ઞાન પોતાના શોધ-સંશોધનમાં એ જાહેરાત કરતું હોય છે કે કેટલીક વસ્તુઓના નિર્માણમાં કેટેલિસ્ટની હાજરી જરૂર હોય છે. તેને પાણીના ઉદાહરણથી સમજી શકાય છે. વિજ્ઞાનની ભાષામાં તેનું નિર્માણ ઓક્સિજન અને હાઇડ્રોજનના મિશ્રણથી થયું છે, પરંતુ ફકત ઓક્સિજન અને હાઇડ્રોજનને મિલાવી દેવામાં આવે તો પાણી બનતું નથી, તેમાં વીજળીની પણ ભૂમિકા હોય છે.

આપણે વિજ્ઞાનના પુસ્તકોમાં વાંચ્યું પણ છે કે વાદળો ટકરાય છે, વીજળી ચમકે છે અને પાણી વરસે છે. જો વીજળી ન હોય તો વાદળો પાણીનું નિર્માણ કરી શકતા નથી, પરંતુ જયારે પાણીનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરવામાં આવે છે તો તેના નિર્માણમાં વીજળી જોવા નહીં મળે, ફકત ઓક્સિજન, હાઇડ્રોજન જ હાથમાં આવે છે.

સવાલ એ છે કે વીજળીએ એવું તો શું કર્યું? તેની ભૂમિકા શું છે? તે નિર્માણકર્તા નથી, આમ છતાં તેની હાજરી છે. અહીંથી જ તેનો જવાબ મળે છે. અંતે આપણા જીવનમાં પણ ભગવાનની કઈ ભૂમિકા હોય છે. પાણીના નિર્માણમાં વીજળીની હાજરી માત્ર જ પરિણામકારી છે, આવી જ રીતે આપણા જીવનમાં ભગવાનની હાજરીનું હોય છે. એક કેટેલિટિક એજન્ટની જેમ પરમાત્મા પોતાનું કામ કરે છે. શકુનિએ કૃષ્ણને લઈને પણ કંઈક આવો જ સંકેત આપ્યો હતો.

Dinesh-Vadasan
9377209292

BACK to

વડવાળા.કોમ Vadwala.com

www.vadwala.com